**<u>નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ</u>**

<u>York Region District School Board</u>

**<u>પરિચય</u>**

અમે અમારોપરિચય આપવા એક ક્ષણ લઈશું, અને York Region District School Board માટે નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની એક્ઝિક્યુટિવશોધ અમે આદરી રહ્યા છીએ તેની થોડીક સમજ પૂરી પાડીશું.

ફેલ્પ્સ ગ્રુપ એ વિશાળ જાહેર ક્ષેત્રમાં સ્કૂલ બોર્ડ્સ, યુનિવર્સિટીઓ, કોલેજો, સરકારો, દવાખાનાં, ક્રાઉન કોર્પોરેશન્સ, નિયંત્રિત કરનારી સંસ્થાઓ અને સંબંધિત વ્યાવસાયિક સંગઠનો સહિતમાં ઊચ્ચ હોદ્દાની ભરતીઅને ટેલેન્ટ મેનેજમેન્ટનો ૩૦ વરસનો અનુભવ ધરાવતી અને એક્ઝિક્યુટિવને શોધી આપતી એક કેનેડિયન એક્ઝિક્યુટિવશોધકંપની છે. આખા ઓન્ટારિઓના સ્કૂલ બોર્ડ્સ સાથે અસાધારણ પ્રતિભા ધરાવતા આગેવાનોને તકોનો સુમેળ કરાવી આપવાનું અમારું સૌભાગ્ય રહ્યું છે.

York Region District School Boardના, બોર્ડ ઑફ ટ્રસ્ટીઝનીશોધ સમિતિ દ્વારા, નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની ભરતી કરવા અને શોધખોળમાં સહાયક થવા ફેલ્પ્સ ગ્રુપના Joan Green, Heather Connelly, Jayson Phelps અને Frank Markelનેનિમવામાં આવ્યા છે. અત્યંત વિવિધતાવાળી વસ્તીઓ અને આગેવાનો માટે વિકસતી ભૂમિકાઓ તથા જવાબદારીઓના સમયમાં,તો એ વળી વધુ અગત્યનું છે કે વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી કરવા અને નાગરિકોના હિતોની સેવા કરવા અને સમાજની સુખાકારીનું નેતૃત્વ યોગ્ય કુશળતાઓ, પ્રતિબધ્ધતા અને ચારિત્ર્યવાળી વ્યક્તિઓ કરે. વધી રહેલી પારદર્શિતા અને જવાબદેહીના આ યુગમાં, નેતાગીરી દાખલારૂપ, નીતિમત્તા-આધારિત અને નવતર પ્રયોગશીલ હોવી જ જોઇએ.

York Region District School Boardનું આ સાહસ આંતરિક રીતે અને બોર્ડ સાથે સંકળાયેલા દરેક જણ માટે નેતાગીરીના અગત્યના ફેરફારનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી એ ખુબ અગત્યનું છે કે અમે તક/હોદ્દાની ટૂંકી નોંધ (જનાદેશ અને ઉમેદવારની લાયકાત) માટેના વિચારો મેળવવા તમારા પૈકીના શક્ય એટલા વધુ સુધી પહોંચીએ. જો તમે સીધા અમારી સાથે વાત કરવાનું પસંદ કરતા હો, તો કૃપા કરીને fmarkel@phelpsgroup.ca પર ઈમેઈલથી અથવા ફોનથી 416 364-6229 એક્સટેન્શન 107 પર ફ્રેન્ક માર્કેલનો સંપર્ક  કરશો.

આ સર્વેક્ષણ દ્વારા, અમે નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના આ હોદ્દા માટેના ઉમેદવારોમાં જે લક્ષણો, ગુણો અને અનુભવો અમારે જોવા જોઇએ તેના આદેશ માટે તમારી સલાહ લઈ રહ્યા છીએ. કૃપા કરીને નોંધશો કે આ સર્વેક્ષણ અનામી છે અને પ્રતિભાવ આપનાર તમામની સંપૂર્ણ ગુપ્તતા અમે સુનિશ્ચિત કરીશું.

**<u>નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ</u>**

<u>York Region District School Board</u>

નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને વિદ્યાર્થીઓમાં સિધ્ધિ-પ્રાપ્તિ અને સુખાકારી નિરુપણ કરવાના હેતુ માટેની હકીકતો ઓળખવામાંઆ માહિતી, તમારા બોર્ડની ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન સિલેક્શન કમિટિને, આટલી બાબતો પર તમારા વિચારો સમજવામાં સહાયક થશે:

- નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની ભૂમિકા અને જન-આદેશ;
- નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશને ધ્યાન આપવાના ચાવીરૂપ અવસરો;
- નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને સફળ થવામાં મદદરૂપ થાય એવી બોર્ડની શક્તિઓ;
- York Region District School Boardના ધ્યેયો, દ્રષ્ટિ અને મૂલ્યો;
- એક ડાયરેક્ટરના કાર્યકાળના પ્રથમ 18 મહિનામાં સફળતાની નિશાનીઓ;
- એક સફળ ઉમેદવારના નેતૃત્વનાં ઇચ્છિત લક્ષણો.

ફરીથી જણાવીએ કે, તમામ માહિતી ગુપ્ત રખાશે. જો તમારું સર્વેક્ષણ પૂરેપુરું ભર્યા પછી પણ તમારા કોઇ વિચારો હોય, તો જણાવેલ સંપર્ક માહિતી પર કશા પણ ખચકાટ વિના અમને ઇમેઇલ કરો અથવા સીધો ફોન કરો.

ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના કામનું વર્ણન અને ઉમેદવારની રૂપરેખા વિકસાવવાની શરૂઆત માટે તા. 17મી સપ્ટેમ્બર, 2017 સુધીમાં મળેલા પ્રતિભાવો ધ્યાનમાં લેવાશે. તે તારીખ પછી અને તા. 1 ઓક્ટોબર, 2017 પહેલાં મળેલા પ્રતિભાવો માહિતી માટે ટ્રસ્ટીઓ સાથે સહિયારા કરવામાં આવશે.

તમારો આભાર.

Joan Green
Partner
Phelpsgroup

Heather Connelly
Partner
Phelpsgroup

Jayson Phelps
Partner
Phelpsgroup

Frank Markel
Partner
Phelpsgroup

**<u>નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ</u>**

<u>York Region District School Board</u>

**<u>સવાલો</u>**

1. York Region District School Boardની કઈ બાબત તમને ગૌરવ અનુભવ કરાવે છે? તમે બોર્ડની સૌથી મોટી તાકાત કઈ જુઓ છો?

2. York Region District School Board કયા કયા મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે? આ પડકારો નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન માટે કેટલી હદ સુધી અવસરો સર્જે છે?

## નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ

York Region District School Board

3. જ્યારે તમે York Region District School Boardના ધ્યેયો, દ્રષ્ટિ, મૂલ્યો અને વ્યુહાત્મક આયોજન તપાસો છો, ત્યારે શું તમને સૌથી વધુ રોમાંચિત કરે છે?

| |
|---|
| |

*ધ્યેય, દ્રષ્ટિ અને મૂલ્યોમાટે: http://www.yrdsb.ca/AboutUs/Pages/Mission-Vision-values.aspx*

*વ્યુહાત્મક આયોજન માટે: http://www.yrdsb.ca/AboutUs/BoardPlans/Pages/MYP-Goals.aspx*

4. આ હોદ્દા માટે ઓન્ટારિઓ કોલેજ ઑફ ટીચર્સ એન્ડ સુપરવાઇઝરી ઓફિસરની સારી પ્રતિષ્ઠાની લાયકાતો હોવી જરૂરી છે. કૃપા કરીને જણાવો કે શિક્ષણ અને પૃષ્ઠભૂમિના અનુભવની દ્રષ્ટિએ તમે શું મહત્વનું માનો છો?

**શિક્ષણ**

| |
|---|
| |

**પૃષ્ઠભૂમિનો અનુભવ**

| |
|---|
| |

## નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ

York Region District School Board

5. નીચેના દરેક ગુણો સામે એ ગુણ “ચોક્કસ હોવો જ જોઇએ”, “હોવો જોઇએ” અથવા “હોય તો સારું” તે મુજબની તમારી પસંદગી દર્શાવો.

| | ચોક્કસ હોવો જ જોઇએ | હોવો જોઇએ | હોય તો સારું |
|---|---|---|---|
| ઊચ્ચ પ્રામાણિકતા | | | |
| વિદ્યાર્થીઓની સિધ્ધિ-પ્રાપ્તિ અને સુખાકારીને સમર્પિત | | | |
| ભરોસાપાત્ર | | | |
| સરસ વાતચીત-પ્રત્યાયન કરનાર | | | |
| ઉદ્યમી | | | |
| વાયદાઓને પૂરા કરનાર | | | |
| સહયોગ કરનાર | | | |
| સમાજમાં સંપર્ક કરી શકે | | | |

6. York Region District School Boardના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના કાર્યકાળના પ્રથમ 18 મહિનામાં ડાયરેક્ટરનું કામ વિદ્યાર્થીઓની સિધ્ધિ-પ્રાપ્તિ અને સુખાકારી પર સકારાત્મક અસર કરી રહી હોવાનું દર્શાવતી સફળતાની કઈ નિશાનીઓ તમે જોવા માગશો?

**નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ**

York Region District School Board

7. સમાજના સમૂહો સાથે ડાયરેક્ટર સકારાત્મક સંપર્કો બનાવી રહ્યા છે એ દર્શાવવા તમે શું જોવા ઇચ્છશો?

| |
|---|
| |

**8.** કૃપા કરી જણાવો કે તમે શું છો:

- ☐ ટ્રસ્ટી
- ☐ સિનિયર એડમિનિસ્ટ્રેશન/ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને સીધું રિપોર્ટિંગ કરનાર
- ☐ પ્રિન્સિપાલ
- ☐ મેનેજર
- ☐ શિક્ષક
- ☐ સપોર્ટ સ્ટાફ
- ☐ વિદ્યાર્થી
- ☐ માબાપ/વાલી
- ☐ કમ્યુનિટિ એજન્સી/સંસ્થા
- ☐ યુનિયન/એસોસિએશનની નેતાગીરી
- ☐ બોર્ડ એડવાઇઝરી કમિટિઓ (SEAC, EIAC, PEAC)
- ☐ બાહ્ય હિસ્સેદાર/ભાગીદાર
- ☐ યૉર્ક રિજનના રહેવાસી
- ☐ અન્ય

**નવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનીએક્ઝિક્યુટિવ શોધ**

York Region District School Board

9. એવા કોઈ વ્યક્તિઓ છે જેમને અમે સંભવિત ઉમેદવાર તરીકે સંપર્ક કરીએ તે માટે તમે સૂચવવા માગતા હો? જો એમ હોય તો, કૃપા કરીને તેમનાં નામ અને સંપર્ક વિગતો (જો જાણતા હો તો) નીચે પૂરી પાડો.

| |
|---|
| |

***સવાલોના જવાબ આપવા સમય કાઢવા બદલ તમારો આભાર.***

Joan, Heather, Jayson અને Frank

Phelpsgroup